# કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ

## આણંદ કૃષિ યુનિવર્સિટી

## ગોધરા-૩૮૯૦૦૧

## સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ માટેના કાર્યક્રમનું આયોજન

“જાગૃતિ આજે, સુરક્ષા કાલે”

સાયબર ક્રાઇમ અંગે જાગૃતિ આજના ડિજિટલ યુગમાં અત્યંત આવશ્યક બની ગઈ છે, કારણ કે વધતી ઓનલાઈન સેવાઓ સાથે સાયબર ગુનાઓનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. મોબાઈલ, ઇન્ટરનેટ, UPI, નેટ બેન્કિંગ અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગને કારણે લોકો અજાણતાં જ ફ્રોડ, OTP છેતરપિંડી, ખોટી લિંક્સ, નકલી કસ્ટમર કેર અને ઓનલાઈન ઠગાઈના શિકાર બની રહ્યા છે. આવા સંજોગોમાં યોગ્ય માહિતી, સાવચેતી અને સમયસર જાગૃતિ જ સાયબર ક્રાઇમ સામેનું સૌથી મોટું રક્ષણ છે. OTP, PIN અને પાસવર્ડ કોઈને પણ ન આપવો, અજાણી લિંક પર ક્લિક ન કરવી અને શંકાસ્પદ વ્યવહારની તાત્કાલિક ફરિયાદ કરવી જેવી આદતો વિકસાવવાથી સાયબર ગુનાઓને અટકાવી શકાય છે. તેથી દરેક નાગરિક, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઇમ અંગે જાગૃતિ ફેલાવવી સમાજની સુરક્ષા માટે અનિવાર્ય છે.

સાયબર ક્રાઇમ અંગે જાગૃતિને ધ્યાને રાખીને કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિધ્યાલય, ગોધરા દ્વારા તા. ૨૧-૦૨-૨૦૨૬ (શનિવાર)ના રોજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ (GVT), દાહોદ જિલ્લાના શ્રીમતી ભાનુમતિબેન (ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર), શ્રીમતી મનીષાબેન (ફિલ્ડ કો-ઓર્ડિનેટર) તેમજ પ્રફુલભાઇ (મદદનીશ ફિલ્ડ કો-ઓર્ડિનેટર) દ્વારા વિવિધ વિષયો પર સાયબર ક્રાઇમ સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અને શંકાઓના પણ સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મહાવિધ્યાલયના બીજા સેમેસ્ટર તથા અનુ-સ્નાતક તેમજ અધિકારી અને કર્મચારીઓ મળીને કુલ ૬૫ વ્યક્તિઓ (૬૧- વિધ્યાર્થીઓ, ૦૪-અધિકારી અને કર્મચારી)એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન ડૉ. શિવમૂર્તિ શ્રીવાસ્તવ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષ અને ડૉ. અરવિંદ કુનપરા, સહ પ્રાધ્યાપક અને વિભાગીય વડા (SWCE & IDE)ના માર્ગદર્શન હેઠળ ડૉ. દુદા બાલસ, રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી અને મદદનીશ પ્રાધ્યાપક કરવામાં આવ્યું હતું. ડૉ. મનોજ સોજીત્રા, મદદનીશ પ્રાધ્યાપક, તથા ઈજ. નીરવ પંપાણીયા, મદદનીશ પ્રાધ્યાપકએ કાર્યક્રમને સફળતા બનાવવામાં સહભાગી થયા હતા.


FINANCIAL LITERACY TRAINING
GPS Map Camera
Panchmahals,Gujarat,India
Prabha Road, Godhra, Panchmahals, Gujarat 389120, India
Lat 22.787283, Long 73.665043
Saturday, 21/02/2026 10:36 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
Panchmahals,Gujarat,India
Prabha Road, Godhra, Panchmahals, Gujarat 389120, India
Lat 22.784384, Long 73.663947
Saturday, 21/02/2026 10:55 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
Panchmahals,Gujarat,India
Prabha Road, Godhra, Panchmahals, Gujarat 389120, India
Lat 22.781152, Long 73.662724
Saturday, 21/02/2026 11:04 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
Panchmahals,Gujarat,India
Prabha Road, Godhra, Panchmahals, Gujarat 389120, India
Lat 22.788136, Long 73.665366
Saturday, 21/02/2026 10:41 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera


GPS Map Camera
Panchmahals,Gujarat,India
Prabha Road, Godhra, Panchmahals, Gujarat 389120, India
Lat 22.788191, Long 73.665387
Saturday, 21/02/2026 10:55 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera